શ્રદ્ધાના દિવડાને જલતો તું રાખજે, નિશદિન સ્નેહ કેરું તેલ એમાં નાખજે, મનને મંદિર જોજે અંધકાર થાય ના...

## રાજ્યમાં વધુ ૧૪૧૨૦ નવા કેસ : ગાંધીનગરમાં ૩૨૪ : અમદાવાદમાં ૫૭૪૦


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૪૮ | ૨૯ એપ્રિલ, ૨૦૨૧, ગુરુવાર; ચૈત્ર વદ - ૨ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં ગંભીર સ્થિતિ : નવા ૩.૬૦ લાખથી વધુ કેસ

### ભારતમાં કોરોનાની ભયજનક સ્થિતિ : પહેલીવાર ૩ હજારથી વધુ મૃત્યુ : રિકવર થયેલા દર્દીઓનો આંકડો ૧૪૮૧૭૩૭૧ પર પહોંચ્યો છે જ્યારે કુલ મૃત્યુઆંક ૨૦૧૧૮૭ થયો છે, ૩૨૯૩ લોકોના કોરોનાથી મોત થયા



નવી દિલ્હી,તા.૨૮

ભારતમાં કોરોનાની નવી લહેર દિન પ્રતિદિન ખતરનાક બની રહી છે. છેલ્લા કેટલાક દિવસથી તો રોજેરોજ ૩ લાખથી વધુ નવા કેસ નોંધાઈ રહ્યા છે. જ્યારે મૃત્યુઆંક પણ વધવા લાગ્યો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩.૬૦ લાખથી વધુ કેસ નોંધાયા છે. જ્યારે પહેલીવાર મૃત્યુઆંક ૩૦૦૦ પાર ગયો છે. સ્થિતિ દિન પ્રતિદિન ગંભીર બની રહી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩,૬૦,૯૬૦ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૧,૭૯,૯૭,૨૬૭ પર પહોંચ્યો છે. જેમાંથી ૨૯,૭૮,૭૦૯ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. એક દિવસમાં ૨,૬૧,૧૬૨ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. જ્યારે ૩૨૯૩ લોકોના કોરોનાથી મોત થયા છે. આ સાથે કુલ રિકવર થયેલા દર્દીઓનો આંકડો ૧,૪૮,૧૭,૩૭૧ પર પહોંચ્યો છે જ્યારે કુલ મૃત્યુઆંક ૨,૦૧,૧૮૭ થયો છે. સતત વધી રહેલો મૃત્યુઆંક અને દૈનિક કેસનો આંકડો ભયજનક સ્થિતિ દર્શાવી રહ્યા છે. રસીકરણ અભિયાન હેઠળ દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧૪,૭૮,૨૭,૩૬૭ લોકોને રસી આપવામાં આવી છે.

## આસામમાં ૬.૪ની તીવ્રતાનો ભૂકંપ

### ઉત્તર બંગાળ-પૂર્વોત્તર ભારતમાં અનુભવાયા આંચકા : ભૂકંપની તીવ્રતા એટલી વધુ હતી કે રાજ્યમાં અનેક મકાનોમાં તિરાડો પડી ગઈ હોવાના અહેવાલ છે

દિસપુર,તા.૨૮

ભારતના ઉત્તર-પૂર્વ રાજ્ય આસામમાં બુધવાર સવારે ભૂકંપના આંચકા અનુભવાયા છે. અહેવાલ છે કે, આ ક્ષેત્રમાં રિક્ટર સ્કેલ પર ૬.૪ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આસામથી શરૂ થઈને આ ભૂકંપના આંચકા સમગ્ર રાજ્ય, ઉત્તર બંગાળ અને ઉત્તર-પૂર્વના કેટલાક હિસ્સામાં અનુભવાયા. તેની પર રાજ્યના સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું કે, આસામમાં ભીષણ ભૂકંપ અનુભવાયો છે. હાલ વધુ જાણકારીની રાહ જોવાઈ રહી છે. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીથી મળતી જાણકારી મુજબ, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૪ હતી. તેની શરૂઆત રાજ્યના તેજપુરથી થઈ હતી. સીસ્મોલોજી સેન્ટર મુજબ, પહેલો ભૂકંપ સવારે ૭:૫૧ વાગ્યે અને તેની થોડી મિનિટો બાદ વધુ બે આંચકમ અનુભવાયા. ભૂકંપની તીવ્રતા એટલી વધુ હતી કે રાજ્યમાં અનેક મકાનોમાં તિરાડો પડી ગઈ હોવાના અહેવાલ છે.



## દેશના ૧૫૦ જિલ્લામાં વકરતી સ્થિતિ

નવી દિલ્હી, તા. ૨૮

દેશમાં કોરોના વાયરસના કેસ વધવાની સાથે-સાથે લોકડાઉનનું સંકટ ઘેરાઈ રહ્યું છે. આવામાં દેશના ૧૫૦ જિલ્લામાં સ્થિતિ કાબૂ બહાર જઈ રહી છે. જ્યાં પોઝિટિવિટી રેટ ૧૫%ને પાર ગયો છે, જેના લીધે કોરોના મહામારીની સ્થિતિ વકરવાના કારણે લોકડાઉની સંભાવના વધી રહી છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયની મહત્વની બેઠક યોજાઈ હતી, જેમાં દેશમાં વધતા કોરોનાના કેસને કઈ રીતે અટકાવવા તે અંગે કેટલા મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. જોકે, આ અંગે અંતિમ નિર્ણય રાજ્ય સરકાર કેન્દ્ર સાથે મળીને લઈ શકશે. આવામાં જ્યાં કોરોનાના કેસ કાબૂ બહાર જઈ રહ્યા છે તે જિલ્લાઓને અલગ તારવવામાં આવ્યા છે અને સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે કે, અમારા વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે, જ્યાં કોરોના સંક્રમણ વધુ છે ત્યાં કેટલાક જિલ્લાઓમાં આગામી અઠવાડિયામાં કોરોનાની ચેઈન તોડવા માટે લોકડાઉન જરુરી છે.

મંગળવારે સતત ૭મા દિવસે ભારતમાં ૩ લાખથી વધારે કોરોનાના નવા કેસ નોંધાયા છે અને સતત ૮ દિવસથી ૨૦૦૦થી વધુ દર્દીઓ એક જ દિવસમાં કોરોના સામે દમ તોડી રહ્યા છે. આ સાથે દેશમાં મહારાષ્ટ્રમાં એક દિવસના સૌથી વધુ ૪૮,૭૦૦ નવા કેસ નોંધાયા છે.

## વેક્સિનેશન રજિસ્ટ્રેશનના ધસારાથી એપ સર્વર ડાઉન

નવી દિલ્હી,તા.૨૮

દેશમાં બુધવારે સાંજે ચાર વાગ્યાથી ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોના વેક્સિનેશન માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. કોવિન પ્લેટફોર્મ કે આરોગ્ય સેતુ એપ દ્વારા તેના માટે રજિસ્ટ્રેશન કરાવી શકાય છે. રજિસ્ટ્રેશન શરૂ થતા જ આ પ્લેટફોર્મ્સ પર અચાનક એટલો લોડ વધી ગોય કે, સર્વર કામ કરતું બંધ થઈ ગયું. મોટાભાગના યૂઝર્સને એવો મેસેજ મળવા લાગ્યો કે, કોવિન સર્વર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. મહેરબાની કરી થોડા સમય પછી પ્રયાસ કરો. ઘણા યૂઝર્સ તો આરોગ્ય સેતુ એપ ન ખુલવાની ફરિયાદ કરી રહ્યા છે. તેમને એરર મેસેજ આવી રહ્યો છે .એક સાથે મોટી સંખ્યામાં લોકો રજિસ્ટ્રેશન માટે પ્રયાસ કરી રહ્યા છે અને સર્વર એટલો લોડ ઉઠાવી શકવામાં નિષ્ફળ જઈ રહ્યું છે. ૧૮ વર્ષથી ૪૪ વર્ષના લોકો પણ ૧ મેથી કોરોનાથી બચવાની વેક્સીન લગાવી શકે છે, પરંતુ તેના માટે પહેલેથી ઓનલાઈન રજિસ્ટ્રેશન ફરજિયાત છે. જે લોકોનું રજિસ્ટ્રેશન થઈ પણ રહ્યું છે, તેમણે વેક્સિનેશનનો ટાઈમ સ્લોટ એલોટ નથી થઈ રહ્યો. તેમને થોડા સમય પછી ચેક કરવાનો મેસેજ આવી રહ્યો છે. રજિસ્ટ્રેશન કરાવવા માટે ૧૮થી ૪૪ વર્ષની ઉંમરના લોકો માટે કોવિડ-૧૯ વેક્સીન લગાવવાનો સમય લેવો ફરજિયાત છે, કેમકે શરૂઆતમાં સીધા જઈને વેક્સીન લેવાની મંજૂરી નથી અપાઈ. જોકે, ૪૫ વર્ષથી વધુ ઉંમરના લોકો હજુ પણ સ્થળ પર રજિસ્ટ્રેશન કરાવી વેક્સીન લઈ શકે છે. ૧૮થી ૪૪ વર્ષની ઉંમરના લોકો કોઈપણ ખાનગી કોરોના વેક્સિનેશન સેન્ટર (સીવીસી)માંથી પણ રૂપિયા આપીને વેક્સીન લઈ શકે છે.

**૧૮ વર્ષથી ૪૪ વર્ષના લોકો ૧લી મેથી કોરોનાથી બચવાની વેક્સીન લગાવી શકશે, તેના માટે રજિસ્ટ્રેશન ફરજિયાત**

## દિલ્હી પર એલજીનું શાસન, મંજૂરી વિના કાર્યકારી પગલાં ન લઈ શકાય

નવી દિલ્હી, તા. ૨૮

હવે દિલ્હીમાં સરકારનો મતલબ ઉપરાજ્યપાલ થશે. હકીકતે, દિલ્હીમાં કેન્દ્ર સરકારે રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રીય રાજધાની રાજ્યક્ષેત્ર શાસન (સંશોધન) કાયદો ૨૦૨૧ એટલે કે જીએનટીસીડી એક્ટને મંજૂરી અપાયા બાદ તે અંગેનું નોટિફિકેશન બહાર પાડ્યું છે. નોટિફિકેશનમાં ગૃહ મંત્રાલયે કહ્યું છે કે, 'રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હીની સરકાર (સંશોધન) અધિનિયમ, ૨૦૨૧, ૨૭મી એપ્રિલથી નોટિફાઈડ કરવામાં આવે છે.' તેનો અર્થ સ્પષ્ટ છે કે, હવે ઉપરાજ્યપાલ (એલજી)ની મંજૂરી વગર કોઈ કાર્યકારી પગલું નહીં ભરી શકાય. આ નોટિફિકેશન પ્રમાણે દિલ્હી વિધાનસભામાં પારિત વિધાનના પરિપ્રેક્ષ્યમાં સરકારનો આશય રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હીના ઉપરાજ્યપાલથી હશે. આ સાથે જ દિલ્હી સરકારે કોઈ પણ કાર્યકારી પગલું ભરતા પહેલા ઉપ રાજ્યપાલની સલાહ લેવી પડશે.

## ગોવામાં ૩જી મે સુધી પૂર્ણ લોકડાઉન

નવી દિલ્હી, તા. ૨૮

પર્યટકોના ફેવરિટ ગણાતા ગોવામાં પણ હવે કોરોનાના કેસ વધી રહ્યા છે.જેને ધ્યાનમાં રાખીને રાજ્યમાં સરકારે લોકડાઉનની જાહેરાત કરી છે.

ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે કહ્યુ હતુ કે, ગુરુવાર એટલે કાલે બપોરથી ૩ મે સુધી ગોવામાં સંપૂર્ણ લોકડાઉન લાગુ થશે. માત્ર આવશ્યક સેવાઓને ચાલુ રાખવાની મંજૂરી અપાશે.ગોવામાં સોમવારે ૨૩૨૧ નવા કેસ સામે આવ્યા હતા.ગોવામાં હાલમાં ૧૫૦૦૦ જેટલા એક્ટિવ કેસ છે.આ આંકડા પર ગોવા સરકારે ચિંતા વ્યક્ત કરીને કહ્યુ હતુ કે, ગોવામાં લોકોના જીવ બચાવવા માટે લોકડાઉન જરુરી છે.


ગોવાના સ્વાસ્થ્ય મંત્રી વિશ્વજીત રાણેએ કહ્યુ હતુ કે, આગલા ૧૦ થી ૨૦ દિવસમાં રોજ ૨૦૦થી ૩૦૦ લોકોના મોત થવાની સંભાવના છે.સ્થિતિ ખરેખર ગંભીર છે.ગોવામાં કલમ ૧૪૪ પણ લાગુ કરી દેવામાં આવી છે. દિલ્હી, કર્ણાટક, મહારાષ્ટ્ર બાદ ગોવાએ પણ હવે લોકડાઉનનો નિર્ણય લઈ લીધો છે.જ્યારે રાજસ્થાનમાં પણ લોકડાઉન જેવા જ પ્રતિબંધો છે.જ્યારે ગુજરાતે મિનિ લોકડાઉન જેવી ગાઈડલાઈન બહાર પાડી છે.આમ એક પછી એક રાજ્યો લોકડાઉનના રસ્તે જઈ રહ્યા છે.

## થાણેની પ્રાઈમ ક્રિટિકેરમાં આગથી ચાર દર્દીઓનાં મોત

થાણે, તા. ૨૮

કોરોના સંકટ વચ્ચે મહારાષ્ટ્રની હોસ્પિટલોમાં આગ લાગવાની ઘટનાઓ સતત વધી રહી છે. જે ચિંતા કરાવે તેવી બાબત છે. હવે થાણેની પ્રાઈમ ક્રિટીકેર હોસ્પિટલમાં બુધવારે વહેલી સવારે આગ લાગી હતી. આગની જાણ થતાં જ દર્દીઓને તાત્કાલીક ધોરણે બીજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ દરમિયાન ચાર દર્દીઓનાં મોત નીપજ્યાં હતાં. મૃતકોની સંખ્યાની વધે તેવુ લાગી રહ્યુ છે. થાણેના મુંબ્રા વિસ્તારમાં બુધવારે સવારે ૩ વાગ્યે પ્રાઈવેટ હોસ્પિટલ પ્રાઈમ ક્રિટીકેરમાં ભીષણ આગ લાગી. આ ઘટનામાં ૪ દર્દીનાં મૃત્યુ થયાં છે અને લગભગ ૨૦ દર્દીને રેસ્કયૂ કરવામાં આવ્યા છે.

### દુઃખદ અવસાન





**પટેલ શાન્તાબેન વિઠ્ઠલભાઈ** — **પટેલ પ્રવિણાબેન કનુભાઈ**

અમારા પૂજ્ય માતૃશ્રી **પટેલ શાન્તાબેન વિઠ્ઠલભાઈ** (૯૭ વર્ષ) નું તા.૨૧-૪-૨૦૨૧ને બુધવારના રોજ તથા અમારા નાનાભાઈ કનુભાઈના ધર્મપત્ની **પટેલ પ્રવિણાબેન કનુભાઈ** નું તા.૧૫-૦૪-૨૦૨૧ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.પ્રભુ તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રભુને પ્રાર્થના

સ્થળ : પ્લોટ નં.૨૯૪, શ્રેયસ સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્વર્ગસ્થનું બેસણું કે લૌકિક ક્રિયા રાખેલ નથી.

પટેલ પોપટભાઈ વિઠ્ઠલભાઈ (પૂર્વ ધારાસભ્ય) મો.૯૪૨૭૩ ૧૪૬૧૮
પટેલ કનુભાઈ વિઠ્ઠલભાઈ
પટેલ અંકિત કનુભાઈ (પુત્ર) મો.૯૭૨૭૮ ૨૩૨૩૩
પટેલ કાલિદાસ વિઠ્ઠલભાઈ (ચેરમેન, ધી ગાંધીનગર અર્બન કો.ઓ.બેંક લિ.) મો. ૯૨૪૬૦ ૭૨૩૯૯
પટેલ જશુભાઈ વિઠ્ઠલભાઈ

સ્વ. મોતિભાઈ બકોરભાઈ પટેલ પરિવાર, વાવોલ

|| દુઃખદ અવસાન ||



**સ્વ.નિતીનચંદ્ર બી વાઘેલા(સિવિલ એન્જિનિયર)**
નું ૨૭/૦૪/૨૦૨૧ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે

સદગત બેસણું( ટેલિફોન બેસણું) ૨૯/૦૪/૨૦૨૧ ને ગુરૂવાર ના રોજ રાખેલ છે

આઈ.બી વાઘેલા (ભાઈ) (મહામંત્રી ગાંધીનગર જીલ્લા ભાજપ) મો.9825037785
શંકરજી બી વાઘેલા (ભાઈ) મો. 8511689767
ગૌરાંગ એસ.વાઘેલા(ભત્રીજો) મો.9924566111
લીલાબેન નિતીનચંદ્ર વાઘેલા(પત્ની)
સૌરભ એન. વાઘેલા (દીકરો) (સિવિલ એન્જિનિયર) મો.9724343800
દીપ્તિબેન એન વાઘેલા(તલાટીકમ મંત્રી) મો.9687463656
પિન્કીબેન એન વાઘેલા( આઈ.ટી ) મો.7698250285

મુ.રાયસણ તા.જી ગાંધીનગર

|| જય શ્રી કૃષ્ણ || — || જય શ્રી મુનસરી માતાય ||

### ટેલીફોનિક બેસણું



(ઉં. વ. ૫૮) — મુ. ગાંધીનગર

ગાંધીનગર થી લિ. દિપકભાઈ બાબુલાલ સુખડીયાના સખેદ જય શ્રી કૃષ્ણ વાંચશો...
અત્યંત દુઃખભર્યા સ્વરે જણાવવાનું કે મારા નાના ભાઈ

**સ્વ. કૌશિકભાઈ બાબુલાલ સુખડીયા**

સંવત ૨૦૭૭ના ચૈત્ર સુદ-૧૫ (પુનમ) ને તા. ૨૭.૦૪.૨૦૨૧ મંગળવારના રોજ શ્રીજી શરણ પામ્યા છે. પરમાત્માને ગમ્યું તે ખરું.

સદ્‌ગતને શ્રદ્ધાંજલી આપવા માટે ટેલીફોનિક બેસણું તા. ૨૯.૦૪.૨૦૨૧, ગુરૂવારે સવારે ૧૦ થી ૧૨ કલાકે રાખેલ છે.

પ્રવર્તમાન કોરોના જેવી વિકટ પરિસ્થિતિને કારણે બહારગામથી સગાં-સ્નેહીજનોએ અમો પરિવારજનોને રૂબરૂ મળવાનો આગ્રહ રાખશો નહી. તથા શ્રધ્ધાસુમનના પુષ્પરૂપી ટેલીફોનીક / વોટ્સએપ દ્વારા શ્રધ્ધાંજલી પાઠવશો.

લિ. શોકાતુર પરિવાર

દિપકભાઈ બાબુલાલ સુખડીયા (9427600905) | નિમેષભાઈ કૌશિકભાઈ સુખડીયા (8000963396)
નવીનભાઈ બાબુલાલ સુખડીયા (6354742576) | ઝીમીતભાઈ કૌશિકભાઈ સુખડીયા (8347599051)
ભરતભાઈ બાબુલાલ સુખડીયા (7698545497)

શ્રી બાબુલાલ છગનલાલ સુખડીયા પરિવાર ● શ્રી છગનલાલ મોહનલાલ સુખડીયા પરિવાર - કડી